ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૧૬/૦૬/૨૦૧૭

# કોંગ્રેસનું રસ્તા રોકો આંદોલન સંપૂર્ણ નિષ્ફળ

## કોંગ્રેસના રસ્તા રોકો આંદોલનને નિષ્ફળ બનાવવા બદલ ગુજરાતની જનતાનો આભાર

---------------------

**કોંગ્રેસનો રસ્તા રોકોએ ગુજરાતની એકતા તોડો, વેર-ઝેર વાવો, વિકાસ રોકો અને અશાંતિ ફેલાવવાનો કાર્યક્રમ છે. – ભરત પંડ્યા**

---------------------

**કોંગ્રેસ  શાંતિ, એકતા અને વિકાસમાં રોડા નાખવાના પ્રયાસો કરે છે.**

---------------------

**કોંગ્રેસને ચૂંટણી આવે છે, ત્યારે ખેડૂતો યાદ આવે છે અને ગુજરાતની જનતા યાદ આવે છે.**

---------------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની નેતૃત્વમાં ચાલતી આ ખેડૂતોની સરકાર છે.**

---------------------

**આ બન્ને સરકારોની ખેડૂતોના હિતમાં અનેક નિર્ણયો અને યોજનાઓ અમલમાં છે. ૯૦૦૦ કરોડ કૃષિ ઉત્પાદનથી અત્યારે ૧,૨૬,૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદન થયું છે.**

---------------------

કોંગ્રેસના રસ્તા રોકોના આંદોલનના કાર્યક્રમ સંદર્ભમાં તીવ્ર પ્રતિક્રિયા આપતા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ વર્ષોથી કોંગ્રેસને જાકારો આપ્યો છે તેની હતાશાથી કોંગ્રેસ પીડાઈ રહી છે. કોંગ્રેસને ચૂંટણી આવે છે, ત્યારે ખેડૂતો યાદ આવે છે અને ગુજરાતની જનતા યાદ આવે છે. ગુજરાતની જનતાના પ્રશ્નો કે રજૂઆતો વિધાનસભા ગૃહમાં કયારેય કરતી નથી અને ઉપરથી વિધાનસભા ગૃહનો બહિષ્કાર કરે છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસનો રસ્તા રોકો કાર્યક્રમએ ગુજરાતનો વિકાસ રોકો કાર્યક્રમ, એકતા તોડો, વેર-ઝેર વાવો અને અશાંતિ ફેલાવવાનો કાર્યક્રમ છે. સરકાર કે ગુજરાતની જનતા ક્યારેય સાંખી લેશે નહીં. કોંગ્રેસ પાર્ટીનાપોતાના ઝઘડા અને વિવાદો રોકી શકતી નથી એટલે સમાજમાં વિવાદ, વેર-ઝેર અને અશાંતિ ફેલાવવા સતત પ્રયાસો કરી રહી છે. ગુજરાતની જનતા ક્યારેય કોંગ્રેસની નકારાત્મક અને ખંડનાત્મક પ્રવૃતિને સમર્થન આપતી નથી. કોંગ્રેસ  શાંતિ, એકતા અને વિકાસમાં રોડા નાખવાના પ્રયાસો કરે છે.

શ્રી પંડયાએ જણાવ્યું કે, કોંગ્રેસે તેના ૧૦ વર્ષના શાસનમાં રૂા. ૧૦ લાખ કરોડથી વધુના ભ્રષ્ટાચાર કરીને ભારતને વિશ્વમાં બદનામ કર્યું છે. કોંગ્રેસના શાસનમાં હજારો ખેડૂતોએ આત્મહત્યા કરી છે. કોંગ્રેસ તેના શાસનમાં થયેલ ભ્રષ્ટાચાર અને કુશાસનનો જવાબ આપે.

... ૨ ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કેરળની કોંગ્રેસ દ્વારા જાહેરમાં ગૌવંશની હત્યાની કરીને તેના માંસ પકવીને મિજબાની કરી હતી તેની સામે કોંગ્રેસ કાર્યક્રમો કરતી નથી. પૂ.સંતો, મહંતો દ્વારા ગૌહત્યાના વિરોધમાં ઉપવાસ, ધરણાં કાર્યક્રમો થાય છે તેની ઉપર હુમલો કરે છે. એક બાજૂ કોંગ્રેસ તેના શાસિત રાજયોમાં ૨૦ ટકા આર્થિક પછાત વર્ગ (ઈ.બી.સી) અનામત આપતી નથી. બીજૂ ગુજરાતની ભાજપ સરકારે ૧૦ ટકા ઈ.બી.સી.આપી ત્યારે કોંગ્રેસે તેનો જોર-સોરથી વિરોધ કર્યો અને ૨૦ ટકા ઈ.બી.સી. આપવાની વાતો કરે છે ત્યારે કોંગ્રેસેના “ચાવવા અને દેખાડવાના દાંત” જૂદા છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ચાલતી સરકાર આ ખેડૂતોની સરકાર છે. ગુજરાત સરકારે કૃષિ સાથે જોડાયેલા વિભાગોમાં માટે રૂા. ૬૪૦૦ કરોડની જોગવાઈ બજેટમાં કરી છે. પહેલા ૯૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદન હતું જે વધીને ૧,૨૬,૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદન થયું છે. છેલ્લા ૧૨ વર્ષથી કૃષિ મહોત્સવ કાર્યક્રમને કારણે ૧૧ ટકા કૃષિ વિકાસ દર સાથે દેશભરમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાતમાં ૧ ટકાથી કૃષિ ધિરાણ આપવામાં આવે છે. સિંચાઈ માટેની નર્મદા યોજના, સૌની યોજના, સુજલામ-સુફલામ જેવી અનેક યોજનાઓ દ્વારા ખેડૂતો સુખી થયા છે. સરકાર ખાતર, બિયારણ અને દવા માટે અને ટ્રેકટર માટે સબસીડી આપે છે. આ બન્ને સરકારોએ ખેડૂતના હિતમાં અનેક નિર્ણયો લીધા છે અને અનેક યોજનાઓ અમલમાં છે તેનાથી કૃષિ ઉત્પાદન વધ્યું છે અને ખેડૂત સુખી થયા છે. તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ